TECH BITES

ટ્રેડન્સ OpenAI Select Partner Networkમાં જોડાઈ

એન્ટરપ્રાઇઝ AI ક્ષેત્રે મહત્વપૂર્ણ વિકાસરૂપે ટ્રેડન્સ હવે OpenAI Select Partner Networkનો ભાગ બન્યું છે. આ ભાગીદારીથી ટ્રેડન્સ વિશ્વની પસંદગીની કંપનીઓમાં સામેલ થયું છે, જેને OpenAIના અદ્યતન AI મોડલ્સ ઉદ્યોગોમાં અમલમાં મૂકવાની સત્તા આપવામાં આવી છે. કંપની હવે GPT-5.6 અને ChatGPT Work જેવા સોલ્યુશન્સ દ્વારા વિવિધ ક્ષેત્રની સંસ્થાઓને AI અપનાવવામાં સહાય કરશે. ટ્રેડન્સનું માનવું છે કે આ ભાગીદારી તેના AI આધારિત ઉત્પાદનો, ડિલિવરી ક્ષમતા અને વૈશ્વિક એન્ટરપ્રાઇઝ ગ્રાહકો માટે નવીન સેવાઓને વધુ મજબૂત બનાવશે.

ક્રોક્સના IT આધુનિકીકરણ માટે ઈન્ફોસિસ સાથે 10 વર્ષનો કરાર

અમેરિકન ફૂટવેર કંપની ક્રોક્સે વૈશ્વિક IT અને બિઝનેસ સિસ્ટમ્સને આધુનિક બનાવવા માટે ઇન્ફોસિસ સાથે 10 વર્ષનો કરાર કર્યો છે. કંપનીના ડિજિટલ ટ્રાન્સફોર્મેશન કાર્યક્રમ હેઠળ ઇન્ફોસિસ પોતાની AI આધારિત ટેક્નોલોજી અને પ્લેટફોર્મનો ઉપયોગ કરશે. આ સહયોગનો મુખ્ય હેતુ ક્રોક્સની વૈશ્વિક રિટેલ કામગીરીને વધુ સરળ અને કાર્યક્ષમ બનાવવાનો છે. ઇન્ફોસિસ પ્રક્રિયાઓને પ્રમાણભૂત બનાવવામાં તેમજ રિયલ-ટાઇમ નિર્ણય લેવામાં મદદ કરશે. આ ઉપરાંત, ગ્રાહક અનુભવમાં સુધારો અને ઓપરેશનલ કાર્યક્ષમતા વધારવા પર પણ ભાર મૂકવામાં આવશે. લાંબા ગાળાના આ કરારથી ક્રોક્સની વિવિધ વૈશ્વિક કામગીરીમાં ટેક્નોલોજીનો વધુ અસરકારક ઉપયોગ થવાની અપેક્ષા છે.

ChatGPT માટે Adobeનું ક્રિએટિવ પ્લગિન લોન્ચ

OpenAI | Adobe

Adobeએ ChatGPT માટે નવું પ્લગિન લોન્ચ કર્યું છે, જેની મદદથી વપરાશકર્તાઓ ChatGPT છોડ્યા વગર તસવીરો, વીડિયો, ડિઝાઇન અને દસ્તાવેજો બનાવી તથા તેમાં ફેરફાર કરી શકશે. આ સુવિધા વૈશ્વિક સ્તરે ChatGPTના વેબ અને મોબાઇલ એપ્સ પર ઉપલબ્ધ હોવાનું જણાવાયું છે. પ્લગિન દ્વારા Adobeના વિવિધ ક્રિએટિવ ટૂલ્સને એક જ ઇન્ટરફેસ સાથે જોડવામાં આવ્યા છે. તેમાં Photoshop, Premiere, Acrobat અને Firefly જેવા ટૂલ્સનો સમાવેશ થાય છે. આ પહેલથી ડિઝાઇનર્સ, કન્ટેન્ટ ક્રિએટર્સ અને અન્ય વપરાશકર્તાઓ માટે સર્જનાત્મક કામ વધુ સરળ બનવાની શક્યતા છે. ChatGPTના સંવાદાત્મક ઇન્ટરફેસ સાથે Adobeની સર્જનાત્મક ક્ષમતાઓ જોડાતા ડિજિટલ કન્ટેન્ટ તૈયાર કરવાની પ્રક્રિયા વધુ ઝડપી અને સુગમ બનશે.

LTMના સોફ્ટવેર સુરક્ષા પ્લેટફોર્મમાં ChainGuardનો સમાવેશ

LTM — LET'S SOLVE

LTMએ પોતાના BlueVerse RightLogic સાયબર સિક્યોરિટી પ્લેટફોર્મમાં ChainGuardનો ઉમેરો કર્યો છે. આ પહેલનો હેતુ કંપનીઓને સોફ્ટવેર સપ્લાય ચેઇનની સુરક્ષા વધુ મજબૂત બનાવવામાં મદદ કરવાનો છે. આ સંયોજનમાં LTMની AI આધારિત સાયબર રિસ્ક એસેસમેન્ટ ક્ષમતાને ChainGuardના સુરક્ષિત ઓપન-સોર્સ સોફ્ટવેર સાથે જોડવામાં આવી છે. પરિણામે કંપનીઓને સોફ્ટવેર સપ્લાય ચેઇનમાં રહેલા સંભવિત જોખમો અંગે વધુ સારી દૃશ્યતા મળી શકે છે. સાથે જ સુરક્ષા સંબંધિત માહિતીનું વિશ્લેષણ અને જોખમનું મૂલ્યાંકન વધુ અસરકારક બની શકે છે. આ ટેક્નોલોજી AI આધારિત સોફ્ટવેર ડેવલપમેન્ટને સુરક્ષિત બનાવવા અને સંસ્થાઓને સાયબર જોખમ સામે વધુ મજબૂત બનાવવામાં મદદરૂપ થવાની અપેક્ષા છે.

ડિલીટ કરેલો ડેટા ક્યારેય મટતો નથી

આજના ડિજિટલ યુગમાં આપણે સવારથી સાંજ સુધી સ્માર્ટફોન, ટેબ્લેટ ,લેપટોપ, વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ અને ઈન્ટરનેટનો ઉપયોગ કરીએ છીએ, સાથે આપણે ઓનલાઈન શોપિંગ પણ કરીએ છીએ, પૈસાની લેવડ-દેવડ પણ કરીએ છીએ અને મિત્રો સાથે ચેટ પણ કરીએ છીએ, જેને એક પ્રકારની સાયબર પ્રવૃત્તિઓ અને ડિજિટલ દુનિયા કહેવાય છે,જે રીતે વાસ્તવિક દુનિયામાં ગુનાઓ જેમ કે ચોરી કે લૂંટ થાય છે, તેવી જ રીતે ડિજિટલ દુનિયામાં પણ ગુનાઓ જે થઈ રહ્યા છે , જેને આપણે સાયબર ક્રાઈમ કહીએ છીએ.જ્યારે વાસ્તવિક દુનિયામાં કોઈ ગુનો થાય છે, ત્યારે પોલીસ સ્થળ પર જઈને આંગળાના નિશાન, લોહીના નમૂના કે પુરાવા શોધી કાઢે છે, પરંતુ જો ગુનો કમ્પ્યુટર, મોબાઈલ કે ઈન્ટરનેટ દ્વારા થયો હોય, તો પુરાવા ક્યાંથી મળશે ત્યારે "ડિજિટલ ફોરેન્સિક્સ" ની જરુર પડે છે.

મયુર ભુસાવળકર
આઈટી એક્સપર્ટ

સરળ ઉદાહરણથી સમજો: ધારો કે તમારી પાસે એક પુસ્તક છે. પુસ્તકના પહેલા પાને અનુક્રમણિકા છે, જે બતાવે છે કે ક્યો પાઠ ક્યા પાના પર આવેલ છે. જ્યારે તમે મોબાઈલમાં કોઈ ફાઈલ ડીલીટ કરો છો, ત્યારે કમ્પ્યુટર ફક્ત અનુક્રમણિકામાંથી તે ફાઈલનું નામ ભૂંસી નાખે છે. વાસ્તવિક ફાઈલ હજુ પણ તે જ જગ્યાએ સુરક્ષિત પડી હોય છે.જ્યાં સુધી તમે તે જ જગ્યા પર નવો ડેટા સ્ટોર ન કરો , ત્યાં સુધી ડિજિટલ ફોરેન્સિક ટૂલ્સની મદદથી તે ડિલીટ થયેલા ડેટાને ખૂબ જ સરળતાથી પાછો મેળવી શકાય છે.જેમ જેમ આપણી દુનિયા વધારે ને વધારે ડિજિટલ બનતી જાય છે, તેમ તેમ ડિજિટલ ફોરેન્સિક્સનું મહત્વ દિન-પ્રતિદિન વધીરહ્યું છે. આ માત્ર એક ટેકનોલોજી નથી, પરંતુ ડિજિટલ દુનિયામાં ન્યાય અપાવવાનું એક સશક્ત માધ્યમ છે.સાયબર અપરાધી ગમે તેટલો ચાલાક હોય અને ગમે તેટલા ડિજિટલ પુરાવાઓને ડિલીટ કરવાનો પ્રયત્ન કરે, પરંતુ ડિજિટલ ફોરેન્સિક્સના સાધનો અને વૈજ્ઞાનિક પદ્ધતિઓ આગળ તેની "ડિજિટલ છાપ" ક્યારેય છુપી શકતી નથી.

ઓળખ : સૌપ્રથમ ફોરેન્સિક્સ એક્સપર્ટ એ નક્કી કરે છે કે ઘટનાસ્થળેથી ક્યા ક્યા ડિજિટલ સાધનોમાંથી પુરાવા મળી શકે તેમ છે. જેમ કે શંકાસ્પદ વ્યક્તિ હોય તેના સ્માર્ટફોન,ઓફિસનું કમ્પ્યુટર કે લેપટોપ,પેન ડ્રાઈવ, હાર્ડ ડિસ્ક કે સીસીટીવી ડીવીઆર વગેરેની યાદી તૈયાર કરીને તે પોતાની તપાસ આરંભે છે.

STEP 1

સંરક્ષણ : આ તબક્કો સૌથી સંવેદનશીલ છે. મૂળ ડેટા સાથે કોઈ પણ પ્રકારની ચેડાં ન થાય તે જોવું જરૂરી છે.ડિજિટલ ફોરેન્સિક્સ એક્સપર્ટ મૂળ સાધન જેમ કે ફોન કે હાર્ડ ડિસ્ક પર સીધા પ્રયોગો કરતા નથી. તેઓ ખાસ સોફ્ટવેરની મદદથી મૂળ ડેટાની નકલ તૈયાર કરે છે,જેને બીટ સ્ટ્રીમ ઈમેજ નકલ કહી શકાય.

STEP 2

વિશ્લેષણ : ખાસ પ્રકારના ફોરેન્સિક ટૂલ્સ અને સોફ્ટવેરનો ઉપયોગ કરીને ડેટાની અંદર ઊંડાણપૂર્વક તપાસ કરે છે અને ડિલીટ થયેલા વોટ્સએપ મેસેજ, ઈમેઈલ અને ફોટોગ્રાફ્સ રિકવર કરવામાં આવે છે. કમ્પ્યુટરમાંથી કઈ ફાઈલ ક્યારે ખોલવામાં આવી હતી કે ડિલીટ કરવામાં આવી હતી તે ચેક કરવામાં આવે છે.

STEP 3

રિપોર્ટ અને રજૂઆત : તપાસ પૂરી થયા પછી, રિપોર્ટ સરળ ભાષામાં હોવો જોઈએ ,જેથી કોર્ટના જજ અને વકીલો જેઓ ટેકનિકલ બેકગ્રાઉન્ડ ધરાવતા જો કદાચ ન હોય તો તેઓ રિપોર્ટને સરળતાથી સમજી શકે. સ્પષ્ટ લખવામાં આવે છે કે પુરાવો ક્યાંથી મળ્યો, કેવી રીતે રિકવર થયો અને તે ગુના સાથે કેવી રીતે જોડાયેલો છે.

STEP 4

ડિજિટલ ફોરેન્સિક્સ એટલે શું?

ડિજિટલ ફોરેન્સિક્સ એ ડિજિટલ દુનિયાના ગુનાઓની તપાસ કરવાની વિજ્ઞાન આધારિત પદ્ધતિ છે, જેમાં મુખ્ય બે શબ્દોનો ઉપયોગ થાય છે,એક "ડિજિટલ" અને અન્ય "ફોરેન્સિક્સ" . ડિજિટલ એટલે ડિજિટલ ઉપકરણો જેવા કે કમ્પ્યુટર, લેપટોપ, સ્માર્ટફોન, પેન ડ્રાઈવ, મેમરી કાર્ડ, સર્વર કે કેમેરા, અને ફોરેન્સિક્સ નો અર્થ થાય છે, વૈજ્ઞાનિક પદ્ધતિથી પુરાવા એકઠા કરવા અને તપાસ કરવી, જેથી તે કોર્ટ માં તે માન્ય ગણાય.આમ, ડિજિટલ ફોરેન્સિક્સ એ કોઈ પણ ઈલેક્ટ્રોનિક સાધનમાંથી છુપાયેલી, ડિલીટ થયેલી કે ક્ષતિગ્રસ્ત માહિતી અથવા ડેટાને સુરક્ષિત રીતે બહાર કાઢવાની અને તેની તપાસ કરવાની પ્રક્રિયા છે. જ્યારે કોઈ ડિજિટલ ફોરેન્સિક એક્સપર્ટ કોઈ કેસની તપાસ શરૂ કરે છે, ત્યારે તે મુખ્યત્વે ચાર મહત્વપૂર્ણ તબક્કાઓમાં કામ કરે છે. સૌપ્રથમ ઘટનાસ્થળેથી મોબાઇલ, કમ્પ્યુટર, હાર્ડડિસ્ક, પેનડ્રાઇવ કે અન્ય ડિજિટલ સાધનોને સુરક્ષિત રીતે જપ્ત કરવામાં આવે છે. ત્યારબાદ ડેટાની મૂળ સ્થિતિ જળવાઈ રહે તે માટે તેની ફોરેન્સિક કોપી તૈયાર કરવામાં આવે છે.

ડિજિટલ ફોરેન્સિક્સ મુખ્યત્વે પાંચ બાબતો માટે ખૂબ જરૂરી

આજે મોટાભાગના કામ ડિજિટલ થઈ ગયા છે, તેથી ગુના કરવાની રીત પણ બદલાઈ ગઈ છે.

1) ઓનલાઈન ફ્રોડ અને બેંકિંગ સ્કેમ: જો કોઈના બેંક એકાઉન્ટમાંથી પૈસા ની ઉચાપત થાય કોઈ પણ પ્રકારનું કોઈ ફ્રોડ કરે, તો પૈસા ક્યાં ગયા અને કોણે ટ્રાન્સફર કર્યા તે શોધવા માટે તેનો વીશેષ ઉપયોગ થાય છે.

2) ડિલીટ થયેલો ડેટા પાછો મેળવવા: જ્યારે કોઈ અપરાધી પુરાવા નાશ કરવા માટે મોબાઈલમાંથી ફોટો, વોટ્સએપ મેસેજ કે કોલ હિસ્ટ્રી ડિલીટ કરી દે છે, ત્યારે તેને પાછા મેળવવા તે ખૂબજ ઉપયોગી છે.

3) સાયબર બુલીંગ અને ધમકીઓ: સોશિયલ મીડિયા પર ફેક પ્રોફાઈલ બનાવીને ધમકી આપનાર કે હેરાન કરનાર વ્યક્તિનું મૂળ લોકેશન અને ઓળખ શોધવા માટે પણ તેનો ઉપયોગ થાય છે.

4) કંપનીઓમાંથી ડેટાની ચોરી: જ્યારે કોઈ કર્મચારી પોતાની કંપનીનો સીક્રેટ ડેટા અન્ય કંપનીને વેચી દે, ત્યારે તેણે ક્યા કમ્પ્યુટર કે પેન ડ્રાઈવનો ઉપયોગ કર્યો તે જાણવા માટે ઉપયોગી.

5) દેશની સુરક્ષા અને આતંકવાદ: આતંકવાદીઓ દ્વારા ઈન્ટરનેટ પર થતી ગુપ્ત વાતચીત અને યોજનાઓને ઉઘાડી પાડવા માટે પણ તે ખૂબજ મદદરુપ થાય છે.

ડિજિટલ ફોરેન્સિક્સના પાંચ પ્રકારો છે

1. **કમ્પ્યુટર ફોરેન્સિક્સ**
   કમ્પ્યુટર ફોરેન્સિક્સમાં લેપટોપ, ડેસ્કટોપ અને હાર્ડ ડિસ્કની તપાસ થાય છે. તેમાં ડિલીટ થયેલી ફાઈલો, ઓપરેટિંગ સિસ્ટમ લોગ્સ, બ્રાઉઝિંગ હિસ્ટ્રી અને અન્ય મહત્વપૂર્ણ ડિજિટલ પુરાવા શોધવામાં આવે છે.
2. **મોબાઈલ ફોરેન્સિક્સ**
   મોબાઈલ ફોરેન્સિક્સમાં સ્માર્ટફોન, ટેબ્લેટ અને સિમ કાર્ડની તપાસ થાય છે. તેમાં વોટ્સએપ, ટેલિગ્રામ ચેટ, કોલ ડિટેલ્સ, ગૂગલ લોકેશન અને અન્ય મહત્વપૂર્ણ ડિજિટલ માહિતી ઝડપથી મેળવવામાં આવે છે.
3. **નેટવર્ક ફોરેન્સિક્સ**
   નેટવર્ક ફોરેન્સિક્સમાં ઈન્ટરનેટ, વાઈ-ફાઈ અને રાઉટરની તપાસ થાય છે. તેના દ્વારા ઈન્ટરનેટ ટ્રાફિક, આઈપી એડ્રેસ, કનેક્શન રેકોર્ડ અને સાયબર એટેકનું મૂળ સ્થાન ઝડપથી શોધવામાં મદદ મળે છે.
4. **ક્લાઉડ ફોરેન્સિક્સ**
   ક્લાઉડ ફોરેન્સિક્સમાં ગૂગલ ડ્રાઈવ, આઈ ક્લાઉડ અને ડ્રોપબોક્સ જેવા પ્લેટફોર્મની તપાસ થાય છે. તેમાં ઓનલાઈન ક્લાઉડ સ્ટોરેજમાં રહેલો છુપાયેલો, ડિલીટ થયેલો અથવા મહત્વપૂર્ણ ડેટા બહાર લાવવામાં આવે છે.
5. **મેમરી ફોરેન્સિક્સ**
   મેમરી ફોરેન્સિક્સમાં ચાલુ કમ્પ્યુટરની અસ્થાયી મેમરીની તપાસ થાય છે. તેમાં લાઈવ ચાલતા વાયરસ, હેકિંગ પ્રોગ્રામ્સ, સક્રિય પ્રક્રિયાઓ અને મેમરીમાં રહેલા પાસવર્ડ્સ સહિત મહત્વપૂર્ણ ડિજિટલ પુરાવા શોધવામાં આવે છે.

ફોટા, વીડિયો, AI અને ક્લાઉડ સ્ટોરેજના વધતા બોજથી સ્માર્ટફોન યુઝર્સ પર નવી મુશ્કેલી

મેમરી પ્રોબ્લેમ : ડિજિટલ યુગમાં વધતી "ડેટાઓબેસિટી"ની ચિંતા

ભારતમાં સ્માર્ટફોન હવે માત્ર સંચારનું સાધન નથી રહ્યું, પરંતુ લોકોના જીવનનું ડિજિટલ આર્કાઇવ બની ગયું છે. દરરોજ હજારો ફોટા, સેલ્ફી, રીલ્સ, 4K વીડિયો, સ્ક્રીનશોટ, ઓફિસ ડોક્યુમેન્ટ્સ, AI જનરેટેડ ફાઈલ્સ અને એપ્સનો ડેટા ફોનની મેમરી ભરતો જાય છે. પરિણામે "Storage Full" હવે સામાન્ય સમસ્યા બની ગઈ છે. આર્થિક અને ટેક્નોલોજી ક્ષેત્રના નિષ્ણાતોનું માનવું છે કે ભારત "ડેટા ઓબેસિટી" તરફ વધી રહ્યું છે, જ્યાં લોકો જરૂર કરતાં ઘણો વધુ ડિજિટલ ડેટા સંગ્રહિત કરી રહ્યા છે. ખાસ કરીને યુવાનોમાં સોશિયલ મીડિયા અને વિડિયો કન્ટેન્ટનો વધતો વપરાશ સ્માર્ટફોન સ્ટોરેજ પર ભારે દબાણ ઊભું કરી રહ્યો છે. રિપોર્ટ મુજબ થોડા વર્ષો પહેલાં 32GB અથવા 64GB સ્ટોરેજ ધરાવતા ફોન પૂરતા ગણાતા હતા, પરંતુ હવે 128GB અને 256GB સ્ટોરેજ ધરાવતા સ્માર્ટફોન પણ ઝડપથી ભરાઈ જાય છે. 4K વીડિયો, હાઈ-રિઝોલ્યુશન ફોટોગ્રાફી, ગેમિંગ એપ્સ અને AI ટૂલ્સના વધતા ઉપયોગને કારણે ડેટાનો વિસ્ફોટ થયો છે.

Counterpoint Researchના અનુમાન પ્રમાણે 2030 સુધીમાં ભારતમાં લગભગ 10 કરોડ સ્માર્ટફોન યુઝર્સ એવા હશે જે સ્ટોરેજ માટે અલગથી ચૂકવણી કરશે અથવા AI સાથે જોડાયેલા ક્લાઉડ પ્લાન ખરીદશે.

AI વધારશે ડેટાનો બોજ | આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ હવે સ્માર્ટફોન યુઝર્સ માટે નવી પડકારરૂપ સ્થિતિ ઊભી કરી રહ્યું છે. AI આધારિત ફોટો એડિટિંગ, વીડિયો જનરેશન, ઓટોમેટેડ કન્ટેન્ટ અને મલ્ટીપલ ફાઇલ વર્ઝન વધુ સ્ટોરેજ માંગે છે.રિપોર્ટ અનુસાર AIના કારણે વૈશ્વિક ડેટા ગ્રોથમાં લગભગ 70 ટકા વધારો જોવા મળી રહ્યો છે. AI ટૂલ્સ ઘણી વખત એક જ ફાઇલના અનેક વર્ઝન બનાવે છે, જેના કારણે ડેટાની માત્રા સતત વધી રહી છે.

ક્લાઉડ સ્ટોરેજ : નવી સબ્સ્ક્રિપ્શન ઈકોનોમી | સ્માર્ટફોનમાં જગ્યા ઓછી પડતા લોકો હવે Google One, Apple iCloud અને અન્ય ક્લાઉડ સેવાઓ તરફ વળી રહ્યા છે. ક્લાઉડ સ્ટોરેજ કંપનીઓ માટે આ મોટું બિઝનેસ બની રહ્યું છે. Mordor Intelligenceના અંદાજ મુજબ વૈશ્વિક ક્લાઉડ સ્ટોરેજ માર્કેટ 2026 સુધીમાં લગભગ 538 બિલિયન ડોલર સુધી પહોંચી શકે છે અને 2031 સુધી તે 820 બિલિયન ડોલરથી વધુ થવાની શક્યતા છે. તેમાં ઉત્તર અમેરિકા સૌથી મોટું માર્કેટ છે જ્યારે એશિયા-પેસિફિક સૌથી ઝડપથી વધતો વિસ્તાર ગણાય છે.

ભારતમાં સ્ટોરેજ માટે લોકો હવે નાણાં ચૂકવી રહ્યા છે

રિપોર્ટમાં દર્શાવ્યા મુજબ ભારતમાં લાખો લોકો હવે દર મહિને ક્લાઉડ સ્ટોરેજ માટે પૈસા ચૂકવી રહ્યા છે. Google Oneના 200GB પ્લાન માટે વાર્ષિક હજારો રૂપિયાનો ખર્ચ થાય છે, જ્યારે Apple iCloudના મોટા પ્લાન્સ વધુ ખર્ચાળ છે.ટેક કંપનીઓ હવે સ્ટોરેજને AI અને કન્ટેન્ટ સેવાઓ સાથે બંડલ કરવાની તૈયારીમાં છે, જેથી યુઝર્સ લાંબા ગાળે સબ્સ્ક્રિપ્શન સાથે જોડાયેલા રહે.

"ડેટા એન્ઝાયટી" બની શકે છે નવી સમસ્યા

ટેક વિશ્લેષકો માને છે કે ભવિષ્યમાં લોકો "ડેટા એન્ઝાયટી"નો સામનો કરશે – એટલે કે શું ડિલીટ કરવું અને શું સાચવવું તેની સતત ચિંતા. વ્યક્તિના જીવન, લાગણીઓ, કામકાજ અને ઓળખનો ડિજિટલ ખજાનો બની ગયો છે.AI યુગમાં ડેટાનું પ્રમાણ અનેકગણું વધવાનું છે અને આગામી સમયમાં સ્ટોરેજ માત્ર ટેક્નિકલ જરૂરિયાત નહીં પરંતુ જીવનશૈલીનો મહત્વપૂર્ણ ભાગ બની જશે.

ડિજિટલ ડોપામિનની જાળ

નકલી શોપિંગથી મનને મળે છે ખુશી કે વધે છે વ્યસન?

ડિજિટલ યુગમાં ટેક્નોલોજી આપણા જીવનને સરળ બનાવી રહી છે, પરંતુ તેની સાથે માનસિક વર્તણૂકમાં પણ મોટા ફેરફારો જોવા મળી રહ્યા છે. તાજેતરમાં વિશ્વના કેટલાક દેશોમાં એવી એપ્સ અને વેબસાઈટ્સ લોકપ્રિય બની રહી છે, જ્યાં લોકો વાસ્તવમાં કંઈ ખરીદતા નથી, પરંતુ માત્ર ખરીદી કરવાની પ્રક્રિયાનો અનુભવ કરે છે. ફૂડ ઓર્ડર કરવો, શોપિંગ કાર્ટ ભરવી, ડિલિવરી ટ્રેક કરવી અને અંતે કોઈ ચુકવણી કર્યા વિના ઓર્ડર "સમાપ્ત" થઈ જાય છે. આ સમગ્ર પ્રક્રિયાનો હેતુ છે - મગજમાં ડોપામિનની લાગણી અનુભવવી. માનસશાસ્ત્રીઓના મત મુજબ, ખરીદીની પ્રક્રિયા દરમિયાન મગજમાં ડોપામિનનું સ્તર વધે છે. હવે કેટલીક ડિજિટલ એપ્સ આ લાગણીને વાસ્તવિક ખરીદી વિના જ અનુભવ કરાવવાનો પ્રયાસ કરી રહી છે.

ડોપામિન શું છે અને 'ફેક શોપિંગ' કેમ આકર્ષે છે?

ડોપામિનને મગજનું "રિવોર્ડ કેમિકલ" કહેવામાં આવે છે. જ્યારે આપણે કોઈ મનગમતી વસ્તુ ખરીદીએ, સ્વાદિષ્ટ ભોજન મંગાવીએ અથવા કોઈ સિદ્ધિ પ્રાપ્ત કરીએ ત્યારે ડોપામિનનું સ્તર વધે છે. નવી ડિજિટલ એપ્સ આ જ માનસિક પ્રક્રિયાનો ઉપયોગ કરે છે. આ એપ્સમાં મનપસંદ રેસ્ટોરન્ટ પસંદ કરો, ભોજન પસંદ કરો, કાર્ટમાં ઉમેરો, ઓર્ડર કન્ફર્મ કરો, લાઇવ ડિલિવરી ટ્રેક કરો, પરંતુ અંતે કોઈ ડિલિવરી આવતી નથી અને કોઈ પૈસા પણ ખર્ચાતા નથી.નિષ્ણાતો માને છે કે આ પ્રક્રિયા લોકોને અનિયંત્રિત ખરીદીથી થોડા અંશે દૂર રાખી શકે છે, પરંતુ તેની અસર દરેક વ્યક્તિમાં સમાન નથી.

ડિજિટલ વ્યસનનું નવું સ્વરૂપ કે સ્માર્ટ સેલ્ફ-કંટ્રોલ?

કેટલાક મનોવિજ્ઞાનીઓનું માનવું છે કે આવી એપ્સ ઇમ્પલ્સ શોપિંગ ઘટાડવામાં મદદરૂપ બની શકે છે. બીજી તરફ અનેક નિષ્ણાતો ચેતવણી આપે છે કે આ પણ એક પ્રકારનું ડિજિટલ ડોપામિન વ્યસન બની શકે છે. જો વ્યક્તિ સતત વર્ચ્યુઅલ અનુભવમાં જ આનંદ શોધવા લાગે તો... સ્ક્રીન ટાઇમ વધી શકે. વાસ્તવિક જીવન પ્રત્યે રસ ઘટી શકે, સોશિયલ મીડિયા જેવી લત વિકસી શકે.

ડિજિટલ ડોપામિન શું છે?

સોશિયલ મીડિયા પર મળતી લાઇક્સ, ઓનલાઈન શોપિંગ, મોબાઇલ ગેમ્સ, ફૂડ ડિલિવરી એપ્સ અને સતત આવતા નોટિફિકેશન જેવી પ્રવૃત્તિઓ મગજને વારંવાર નાના-નાના આનંદના સંકેતો આપે છે. પરિણામે વ્યક્તિ ફરીથી એ જ પ્રવૃત્તિ કરવા પ્રેરાય છે અને ધીમે ધીમે ડિજિટલ ઉત્તેજનાની આદત પડી શકે છે.